# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-01-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM -Vastrapur

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કરુણા અભિયાન અંતર્ગત અમદાવાદના બોડકદેવમાં આવેલા વાઇલ્ડ લાઇફ કેર સેન્ટરની મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીએ આ મુલાકાત દરમિયાન વાઈલ્ડ લાઈફ કેર સેન્ટર દ્વારા કરવામાં આવતી વિવિધ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે વન્ય પ્રાણી ફોટોગ્રાફ પ્રદર્શનનની પણ મુલાકાત લીધી હતી.

મુખ્યમંત્રીના હસ્તે સ્નેક રેસ્ક્યુ એપ લૉન્ચ કરવામાં આવી હતી. આ સાથે મુખ્યમંત્રીએ રાજ્યના વન વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલું કરુણા અભિયાન પુસ્તકનું વિમોચન કર્યું હતું. રાજ્યભરમાં કરુણા અભિયાન-૨૦૨૫માં આશરે ૬00થી વધુ વેટરનિટી તબીબો તેમજ ૮,000થી વધુ સેવાભાવી સ્વયંસેવકો સેવારત છે. પશુપાલન વિભાગ, વન વિભાગ અને વિવિધ સેવાભાવી સંસ્થાઓના મળીને રાજ્યભરમાં કુલ ૧,000થી વધુ સારવાર કેન્દ્રો પણ ઉભા કરવામાં આવ્યા છે. રાજ્યના કોઈ પણ સ્થળે ઘાયલ પક્ષીઓને ઝડપી અને યોગ્ય સારવાર આપવા માટે વન વિભાગ દ્વારા વોટ્સઅપ નંબર ૮૩૨000૨000 અને ૧૯૨૬ હેલ્પલાઇન જાહેર કરાયો છે. ગુજરાતે સૌપ્રથમવાર શરૂ કરેલું ‘કરૂણા અભિયાન’નું આદર્શ મોડલ આજે સમગ્ર દેશ માટે પથદર્શક બન્યું છે.

. . . . . . . . . . . . .

# Governor -Devbhumi Dwarka

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતએ જણાવ્યુ છે, કે આપણે સારૂ સ્વાસ્થ્ય જાળવવું હશે તો સ્વાસ્થ્યપ્રદ ખોરાક લેવો પડશે. સ્વાસ્થ્યપ્રદ ઉત્પાદન પ્રાકૃતિક કૃષિ દ્વારા જ પ્રાપ્ત થશે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તાલુકાના ધંધુસર ગામે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજાયો હતો. રાજ્યપાલ શ્રી એ પ્રાકૃતિક કૃષિના વિવિધ ઉત્પાદનોના સ્ટોલનું નિરીક્ષણ કરી પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતો સાથે સંવાદ કર્યો હતો

ગુજરાતમાં ૧૦ લાખ જેટલા ખેડૂતો પ્રાકૃતિક કૃષિ કરતા થયા છે. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, ખેડૂતોના ઉત્કર્ષ માટે ખેતીનો ખર્ચ ઓછો થાય તે જરૂરી છે, મોંઘા ખાતર અને બિયારણના ઉપયોગને પરિણામે ખેતીનો ખર્ચ વધી જાય છે.

ઉલ્લેખનિય છે કે, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કુલ ૯ હજાર ૬૮૮ એકર જમીનમાં પ્રાકૃતિક ખેતી અપનાવવામાં આવી છે. વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બે તબક્કામાં કુલ ૭૮૦ તાલીમનું આયોજન કરી ૩૧ હજાર ૬૪૯ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ અપાઈ છે.

. . . . . . . . . . . . .

# Ambaji Mandir

આજે પોષ સુદ પૂર્ણિમાનો દિવસમાં અંબાનો પ્રાગટ્ય દિવસ છે. માં અંબાના પ્રાગટ્ય દિવસે વહેલી સવારે અંબાજી મંદિરમાં મંગળા આરતી થઈ હતી જેમાં મોટી સંખ્યામાં માઈભક્તોએ દર્શન કર્યા હતા. અમારા બનાસકાંઠાના પ્રતિનિધિ સવજી ચોધરી જણાવે છે કે, આજે અંબાજી મંદિર જય જય અંબેના નાદ  સાથે ગુંજી ઉઠ્યું હતું. આજે પાટોત્સવને કારણે મહાશક્તિ યજ્ઞ, શાકભાજીનો અન્નકૂટ, શોભાયાત્રા સહિતના વિવિધ કાર્યક્રમો દિવસ  દરમિયાન યોજાશે, બપોરે માતાજીને હાથી ઉપર સવાર કરી શોભાયાત્રા નીકળશે જે સાંજે નિજ મંદિર પરત ફરશે.

. . . . . . . . . . . . .

# Nadiyad Santram Mandir

ખેડા જિલ્લાના નડિયાદમાં આવેલ સુપ્રસિદ્ધ શ્રીસંતરામ મંદિરમાં આજે પોષી પૂનમને બોર પૂનમ તરીકે ઉજવવામાં આવે છે..અમારા પ્રતિનિધિ જનક જાગીરદાર જણાવે છે કે, શ્રીસંતરામ મંદિર પરિસરમાં આજે જય મહારાજના નાદથી મંદિર પરિસર ગુજી ઉઠ્યું હતું. નડિયાદની શેરીઓમાં હજારો મણ બોર આજે ઠેર ઠેર જગ્યાએથી ભક્તોએ ખરીદીને સંતરામ મંદિરમાં આજે બોર ઉછાળીને પોતાની મનોકામના પૂર્ણ કરતા હતા.શ્રધાળૂ જૈમિનીબેન પટેલે પોતાનો પ્રતિભાવ આપ્યો.

**(Byte – શ્રધાળુ -- જૈમિનીબેન પટેલ)**

. . . . . . . . . . . . .

# Customer Complaint Resolution

રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં ગ્રાહક ફરિયાદ નિવારણ નંબર ઉપર મળેલ ૪૭ હજારથી વધુ રજૂઆતોનું સુખદ નિવારણ કરાયું છે.

રાજયમાં ગ્રાહકોની ફરિયાદ નિવારણ અર્થે રાજ્ય સરકાર દ્વારા ગ્રાહક હેલ્પલાઈન નંબર 18 00 23 30 222 નંબર કાર્યરત છે. જેમાં ગ્રાહકો પોતાની ફરિયાદો નોંધાવી શકે છે. જે અંતર્ગત રાજ્યભરમાં અંદાજે ૫૩ જેટલા ગ્રાહક સુરક્ષા મંડળો કાર્યરત છે. જેના દ્વારા ગ્રાહકોને જાગૃત્ત કરવા છેલ્લા ત્રણ વર્ષમાં ૫૪૪ શિબિર- વર્કશોપ, ૪૬૮ સેમિનાર, પરિસંવાદ, વેબિનાર તેમજ ૪૯૮ ગ્રામ શેરીસભા યોજવવામાં આવી છે. જ્યારે ૪ લાખથી વધુ ગ્રાહક જાગૃતિની પત્રિકા અને દોઢ લાખથી વધુ પાક્ષિક- માસિક પ્રસિદ્ધ કરી ગ્રાહકોમાં જાગૃતિ કેળવવાનું ઉમદા કાર્ય કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત ગ્રાહક સુરક્ષા મંડળો દ્વારા છેલ્લા ૩ વર્ષમાં ગ્રાહક સુરક્ષાની ૪,૩૭૩ ફરિયાદો મધ્યસ્થી અને સમજાવટ કરીને પૂર્ણ કરવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# SOMNATH KATTHAK DANCE

પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મંદિર ખાતે આજે સાંજના 6 થી 7 વાગ્યે, શ્રી સોમનાથ મંદિર પરિસરમાં એક વિશેષ નૃત્ય આરાધના સ્વરૂપે કાર્યક્રમ યોજવામાં આવશે. આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કથક નૃત્ય સુસ્મિતા બેનર્જી દ્વારા આ કથ્થક નૃત્ય દ્વારા શીવ આરાધના કરાશે.

નટેશ્વરની નૃત્ય આરાધનાની સાથે-સાથે શ્રી સોમનાથ મહાદેવના દર્શને આવનાર શ્રદ્ધાળુઓ માટે આ નૃત્ય કાર્યક્રમ નિહાશવાનો લાભ થશે મળશે.

. . . . . . . . . . . . .

# Karate Tournament

આણંદ ખાતે રમાયેલી રાષ્ટ્રીય કક્ષાની ૧૪મી કરાટે ટુર્નામેન્ટમાં  ડાંગ જિલ્લાના ખેલાડીઓએ નામ રોશન કર્યું છે. અમારા ડાંગના પ્રતિનિધિ મુનિરા શેખના જણાવ્યા પ્રમાણે ડાંગના મોહન પાડવીએ સુવર્ણ, આશિષ ચોધરીએ રજત અને ભાવિન ચૌધરીએ કાંસ્ય ચંદ્રક જીત્યા હતા.

રાજ્ય વિધાનસભાના નાયબ દંડક તથા ડાંગના ધારાસભ્ય તેમજ સ્પોર્ટ્સ કરાટે એશોસિએશન ડાંગના ચેરમને ખેલાડીઓને  અભિનંદન પાઠવ્યા હતા.

. . . . . . . . . . . . .

# BANASKANTHA IRRIGATION

બનાસકાંઠા જિલ્લામાં આવેલી દાંતીવાડા જળાશય યોજનામાં સિંચાઈ માટે અરજી કરવાની છેલ્લી તારીખ ૩૧ જાન્યુઆરી સુધી લંબાવવામાં આવી છે. પાણી મેળવવા માટે સંબંધિત વિસ્તારના સેકશન ઓફિસરને ફોર્મ-7માં અરજી કરવી ફરજિયાત છે. આ સાથે પાણીનો પાસ અને બાકી રકમ ભરવી અનિવાર્ય છે એમ ડીસા સિંચાઈ વિભાગની અખબારી યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . . .

# Encroachment

જામનગર નજીક આવેલા પીરોટન ટાપુ ઉપર ઊભા કરાયેલા ગેરકાયદેસર દબાણોને દૂર કરવા માટે તંત્ર દ્વારા નક્કર કાર્યવાહી કરવામાં આવી છે. પીરોટન ટાપુ પર અંદાજે 4000 ચોરસ ફૂટમાં ફેલાયેલા ધાર્મિક સ્થળોનું અતિક્રમણ દૂર કરવામાં આવ્યું છે. પીરોટન ટાપુને પુનઃ મૂળ સ્થિતિમાં લાવવા માટે રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલી આ કડક કાર્યવાહી દેશની સુરક્ષા અને સમુદ્રી જીવસૃષ્ટિના રક્ષણ માટે મહત્વપૂર્ણ સાબિત થશે.

ઉલ્લેખનીય છે કે, પીરોટન ટાપુના આ દબાણો રાષ્ટ્રીય સુરક્ષા, સમુદ્રી જીવસૃષ્ટિ અને આસપાસના વિસ્તારમાં આવેલા મહત્વના ઉદ્યોગો માટે ખતરારૂપ સાબિત થઈ રહ્યા હતા.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................